# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# બાર દોષોની મંદતા એજ શ્રી તીર્થંકર પરમાત્માની આરાધનાં

## ■ પર્યુષણાંપર્વસાર ■

**જ્ઞાની મહાપુરૂષોએ ૭ દિવસની રચના યુક્તિથી કરીને શ્રી સંવત્સરી પર્વને ૮માં દિવસમાં જુક્તિથી જોડીને પર્યુષણ મહાપર્વની આરાધનાંથી મુક્તિનો માર્ગ બનાવી દીધો. જીવ મોક્ષમાર્ગમાં ક્રમિકપણે આગળ વધીને મોક્ષ પામે છે. (શ્રી તીર્થંકર પરમાત્માઓ પણ ક્રમિકપણે જ આગળ વધીને અંતે પૂર્ણપણું પામ્યા હતા.)**

**"શાસ્ત્રસાર"**

દેહ અને આત્માની ભિન્નતા જાણવી, દેહ અને આત્માની ભિન્નતા માનવી, અને દેહ અને આત્માની ભિન્નતા અનુભવવી, દેહ અને આત્માની ભિન્નતા અનુભવવાં, અનુભવીનાં આશ્રયે જવું અને અનુભવીની આજ્ઞા એજ ધર્મ અને તેની આજ્ઞામાં ટકવું તે તપ, આવા અનુભવીનો યોગ જીવને ન થાય ત્યાં સુધી જીવે એવા પ્રકારથી ધર્મ કરવો જેથી જીવને નજીકનાં ભવોમાં યોગ થાય અને જીવ મુક્તિ પામે, તે માટે જીવે ૧૨ દોષોની મંદતા કરવી જોઈએ. (૫ ઈન્દ્રિયોનાં વિષયો, ૪ કષાયો, રાગ-દ્વેષ અને અજ્ઞાન). પૂર્વનાં શ્રી જ્ઞાની ભગવંતોએ બાળજીવો સરળતા અને સહજતાથી ૧૨ દોષોને મંદ કરીને મોક્ષમાર્ગમાં પ્રવેશી શકે અને આગળ ચાલી શકે તે લક્ષ રાખીને બાળજીવોને સંજોગનો યોગ બળવાન બનાવવા અર્થે પર્યુષણપર્વની ૮ દિવસની આરાધનાં આપીને બાળજીવો ઉપર અનંત ઉપકાર કર્યો છે. અને બાળજીવો ઉપકાર માનતાં હોય તો જીવનમાં જ્ઞાનીનાં લક્ષથી આરાધનાં આરાધે તો ઉપકાર માન્યો ગણાય.

જીવ સમ્યક સ્વરૂપથી આત્મિક કલ્યાણ ઈચ્છતો હોય તો ૧૨ દોષોની મંદતા અર્થે સૌ પ્રથમ ૮ દિવસ માટે વ્યવહાર અને વ્યાપાર ત્યાગવો જોઈએ, તેનાંથી જીવને શ્રેષ્ઠ સંજોગનો યોગ થાય, યોગીનો યોગ થાય, ભક્તિનાં ભાવ જાગે, સમુહનું યોગબળ મળે, વિભાવને વાળીને જીવ સ્વભાવમાં આવે, તો મુક્તિ માંગવી ન પડે, જીવ મુક્તિનાં માર્ગમાં પ્રવેશી જાય, અને જીવ સાચા મનથી ૮ દિવસ દેહની અનુકુળતા પ્રમાણેનું તપ કરે અને આઠ દિવસ માટે ક્રોધ-લોભ, દ્વેષ, પરનિંદા, કપટ બુધ્ધિ, પરપિડનવૃત્તિ, ખોટું બોલવું, આળ મુકવું, અન્ય જીવોને ભયભીત કરવા, અન્યની ભક્તિમાં અવરોધ મુકવા, અન્યનાં ત્યાગ-તપની નિંદા કરવી વિગેરે દોષોથી દુર રહે તો સરળતાથી આત્મિક કલ્યાણનું કારણ બને, અને આવા દોષો કાઢવામાં જીવે કશું ગુમાવવાનું નથી પણ અનંત ઘણું મેળવવાનું છે, અને જીવ ૮ દિવસમાં સમ્યક વર્તન કરીને **સાચું બોલે, સારૂં બોલે, સૌને ગમે તેવું બોલે, થોડું બોલે, સારૂં બોલે, સૌનૈ ગમે તેવું બોલે, થોડું કરે, સાચું કરે, સૌને ગમે તેવું કરે**, તો ૧૨ દોષોની મંદતા કરવી મુશ્કેલ નથી. સર્વ જીવોને આદરભાવથી જોવે અને ઉપકારી ભાવે ગણે, તો જીવનમુક્તિ તરફનું પ્રથમ અને મુખ્ય લક્ષણ બને.

## જૈનો જાગો

રમેશ વૈજાણી

**લેખાંક : ૪૨**

જગતનાં મોક્ષમાર્ગી ધર્મોમાં સર્વશ્રેષ્ઠ ધર્મ જો કોઈ હોય તો જૈન ધર્મ ગણાય. તેનાં કારણો આપણે આગળનાં લેખાંકોમાં ઘણી વખત વિચારેલાં હતાં અને વિશેષ કારણોની વિચારણા કરીએ. જૈન ધર્મનું શ્રેષ્ઠપણું એવાં કારણોથી મુખ્ય એવા દોષ જેવા કે રાગ-દ્વેષ અને અજ્ઞાન અને તેમાં મુખ્ય દોષ દ્વેષને ટાળવાનો સરળ ઉપાય તેનું નામ **સંવત્સરી મહાપર્વ** અને તેનાં થકી જીવને મોક્ષનાં બળવાન ગુણો જેવા કે આત્મસ્વમાન, આત્મગૌરવ અને સ્વાવલંબીપણું અને તેનાં કારણે

### * સત્સંગ *

**સંવત્સરી એ શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલું તત્વ છે. અને દેશ-કાળનાં આધારે નક્કી થયેલો દિવસ એ દ્રવ્ય છે. તત્વ કાયમ રહે. દ્રવ્ય દેશ-કાળ અનુસાર બદલાય. દ્રવ્ય (સાધન) અનેક હોય શકે પણ તત્વ (મર્મ) એક જ હોય.**

**માટે**

**તત્વનો લક્ષ સહિત આગ્રહ હોય અને દ્રવ્યની જરૂરીયાતનાં કારણે આદર હોય. તત્વનાં ભોગે દ્રવ્ય ન હોય "પણ" વિવાદ રહીત દ્રવ્યથી તત્વનું પરીણામ પામવાનું છે.**

પ્રગટ થાય છે કે વર્તમાન યુગને પાંચમો આરો અથવા કળિયુગ કહેવાય છે. આવા પાંચમાં આરામાં બાળજીવોની સ્થિતી અત્યંત પ્રતિકુળ હોવાનાં કારણે (અલ્પ આત્મિક ગુણ, અલ્પ આયુષ્ય, અલ્પ શરીર બળ અને રોગોથી ભરેલું અને અલ્પ બુધ્ધિબળ) આવા સંજોગોમાં જીવ

**જ્ઞાની મહાપુરૂષોએ ૭ દિવસની રચનાં યુક્તિથી કરીને શ્રી સંવત્સરી પર્વને ૮માં દિવસમાં જુક્તિથી જોડીને પર્યુષણ મહાપર્વની આરાધનાંથી મુક્તિનો માર્ગ બનાવી દીધો.**

સરળતાથી મોક્ષમાર્ગ જાણી શકે અને મોક્ષમાર્ગમાં આરાધનાં કરી શકે તેવા પ્રકારની સરળ સમજણ અને અલ્પ પુરૂષાર્થથી બળવાન ગુણો પ્રગટાવી શકે તેવાં મોક્ષમાર્ગમાં ચાલવાનાં સરળ અને શ્રેષ્ઠ ઉપાયો જૈનધર્મ સિવાય અન્ય કોઈ ધર્મમાં વર્તમાનમાં પ્રગટ સ્વરૂપે બતાવેલાં નથી. અલ્પ પુરૂષાર્થથી બળવાન આત્મિક ગુણો પ્રગટી શકે તેવા ઉપાયો આપીને વર્તમાન ચોવિસીનાં અંતિમ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનો અનંતા અનંત ઉપકાર માનીયે તો પણ ઓછો ગણાય અને તેમણે આપેલાં ઉપાયો આજ સુધી જાળવી રાખીને આપણાં શ્રી સાધુ ભગવંતોએ પરમ ઉપકાર કરીને આપણને તેમનાં ઋણી બનાવી દીધા છે. શ્રી પરમાત્માએ આપણી ઉપર અનેક પ્રકારથી એક-એકથી ચડિયાતા ઉપકારો કર્યા છે કે જેનો બદલો આપણે કોઈપણ ભવમાં વાળી શકીએ તેમ નથી. આવા અનેક ઉપકારોમાં સૌથી બળવાન ઉપકાર અને સરળતાથી જીવ મોક્ષગામી બની શકે તેવો જે ઉપકાર શ્રી પરમાત્માએ કર્યો છે, તે છે **સંવત્સરી મહાપર્વરૂપી વરદાન** આપીને અને મોક્ષમાર્ગનો

**"શ્રી શાસ્ત્રકારોએ જેની અનુમોદના કરી એવું તપોમાં સર્વશ્રેષ્ઠ તપ તેનું નામ ઉણોદર તપ". ઉણોદર તપથી અનેક દોષોનું સરળતાથી નિવારણ થાય અને સાથે અનેક આત્મિક ગુણો પ્રગટે છે અને તેમાં સૌથી બળવાન ફળ એ છે કે**

**જીવ આખી જિંદગી**

**દેહને અનુકૂળ આહાર લે છે.**

**"પણ આ તપથી"**

**જીવ આહારને**

**અનુકુળ અને અનુરૂપ દેહ પામે છે."**

**"તેથી જીવ"**

**રસેન્દ્રિયનાં આહાર અને**

**દેહની ગુલામીમાંથી મુક્તિ પામે છે.**

જીવ સરળતાથી અધિકારી બનીને અલ્પભવોમાં મોક્ષગામી બને તેવું ફળ બતાવીને આપણે માટે શ્રી તીર્થંકર પરમાત્મા મોક્ષદાતા બન્યા છે અને મોક્ષ વિધાતા કહેવાય.

આપણને કળિયુગમાં આપણાંથી થઈ શકે તેવા નાના પુરૂષાર્થો જેવા કે ઉણોદર તપ, સામાયિક, લીલોતરી ત્યાગ, શ્રી નમસ્કાર મહામંત્રનાં પાંચ પદની ઉપકારી ભાવથી ભક્તિ અને જીવનો અનંત કાળનાં ભવભ્રમણમાં

### * સત્સંગનું ફળ *

**જે જીવો સંવત્સરીને સર્વ શ્રેષ્ઠપણું માનીને ક્ષમાપનાં સ્વરૂપે સંવત્સરીનું આરાધન કરે છે, આરાધન કરાવે છે અને આરાધના જોઈને ભાવ ઉલ્લાસીતપણું પામે છે. તેવા જીવોએ શ્રી તીર્થંકર પરમાત્માનો પરમ ઉપકાર ગણીને આરાધના કરી ગણાય. "અને"**

**જે જીવો બીજા જીવોની સંવત્સરીની ક્ષમાપનાંને દ્વેષબુધ્ધિથી, દુર્ભાવ સહિત જોવે છે, માને છે અને તેમનાં તરફ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી વર્તે છે. અને વિધ્નો મૂકે છે. તે જીવો પરમ ઉપકારી શ્રી તીર્થંકર મહાવીર સ્વામીનાં ઉપકારનો બદલો અપકારથી વાળે છે અને શ્રી તીર્થંકર પરમાત્માની વિરાધનાં કરી ગણાય.**

પૂર્ણ અહિંસક સ્વભાવ અને નિર્ભયપણાંની પ્રાપ્તીપણું પમાય એવા લક્ષસહિત શ્રી પરમાત્માએ આપણને સવંત્સરીપર્વ આપ્યું. અને શ્રી પરમાત્માનાં નિર્વાણ થયાં પછીનાં કાળમાં જ્યારે શ્રી જ્ઞાની મહાપુરૂષોએ જ્ઞાને કરીને જાણ્યું કે બાળજીવો સંવત્સરી મહાપર્વનો મર્મ ગુમાવવાં માંડ્યાં છે. (બાળજીવો આખા વર્ષનાં દ્વેષ અને દુર્ભાવ એક

**જ્ઞાની પુરૂષોએ આહારનાં ત્યાગને ત્યાગ નથી કહ્યો પણ આહારમાં રહેલા રસેન્દ્રિયપણાંનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.**

દિવસ ક્ષમા લેવા અને ક્ષમા આપવાથી અંતરનો દ્વેષ છોડી શકે તેમ નથી.) ત્યારે શ્રી જ્ઞાની મહાપુરૂષોએ સંવત્સરીપર્વનો મર્મ જળવાય તે હેતુથી તેની પહેલા સાત દિવસ ધર્મ આરાધનાનાં જોડી દીધા જેને આપણે પર્યુષણાં કહીએ છીએ. એ પ્રકારથી પૂર્વનાં જ્ઞાની મહાપુરૂષોએ ૮

**જૈનો જાગો અનુસંધાન પાના નં ૪૬ પર....**

# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# બાર દોષોની મંદતા એજ શ્રી તીર્થંકર પરમાત્માની આરાધનાં

## જૈનો જાગો

અનુસંધાન પાના નં ૪૫થી ચાલું

દિવસનાં પર્યુષણાંપર્વરૂપી ૮ દિવસની ધર્મ આરાધનાં કરીને અંતરદશા સુધારીને નિર્મળબુધ્ધિ કરીને સંવત્સરીરૂપી મહાપર્વની આરાધનાં (સશક્તપણે ક્ષમા લેવી - ક્ષમા આપવી) બાળજીવો કરી શકે તેવા આશયથી સ્થાપનાં કરીને શ્રી જ્ઞાની પુરુષોએ આપણી ઉપર પરમ ઉપકાર કર્યો છે અને તે ઉપકાર જો સ્વિકારતાં હોઈએ તો તેમણે જે લક્ષ સહિત ૮ દિવસનાં પર્વ આપ્યાં છે, તે લક્ષ સહિત આરાધનાં કરીએ તેજ તેમની અહોભાવથી વંદના કરી ગણાય.

બાળજીવોએ ૮ દિવસનાં ધર્મ આરાધનાનાં દિવસોને વર્ષનાં સર્વ શ્રેષ્ઠ દિવસો ગણીને આઠ દિવસ માટે વ્યવહાર અને વ્યાપારનો ત્યાગ કરવો જોઈએ. આમપણ બાળજીવો વર્ષમાં ઘણી વખત વ્યવહાર અર્થે વ્યાપાર ત્યાગે છે, વ્યાપાર અર્થે વ્યવહાર ત્યાગે છે, અને પોતાનાં કુટુંબનાં સુખ અર્થે વ્યવહાર અને વ્યાપાર ત્યાગીને બહારગામ જાય છે. અને ઘણી વખત દેહની

**"ભાવ અને ભક્તિ",**
**ભક્ત અને ભગવાનને**
**ભેગાં કરીને ભવ ભ્રમણ ભંગાવે છે.**
**"ભોગ અને ભુખ"**
**ભક્તિ, ભગવાન અને ભવ્યતાને**
**ભુલાવીને ભવ ભ્રમણમાં ભમાડે છે.**

પીડામાં બધું જ ત્યાગે છે. ત્યારે અહિંયા તો આત્મકલ્યાણ અને ભવ ભવાંતર ભાંગવાના છે. તો સમજણપૂર્વક અને સશક્તપણે આઠ દિવસ માટે વ્યવહાર અને વ્યાપાર ત્યાગવો એજ જીવનું કર્તવ્ય ગણાય અને જૈન કુળ અને જૈન ધર્મનું જીવ માટે સાર્થકપણું બને (ગણાય).

બાળજીવોએ મોક્ષપ્રાપ્તી અર્થે બાર દોષોનું નિવારણ કરવાનું હોય છે. જેમકે પાંચ ઈન્દ્રિયોનાં વિષયો, ચાર કષાયો, રાગ-દ્વેષ અને અજ્ઞાન. આ બાર દોષોનાં લક્ષ સહિત જીવ પર્યુષણાંપર્વનાં આઠ દિવસની અત્યંત ભક્તિભાવથી અને આત્મોલ્લાસથી શ્રી તીર્થંકર પરમાત્માનાં ઉપકારની અહોભાવથી વંદના સહિતની ભક્તિ કરે તો ક્રમીકપણે બાર દોષોમાં મંદતા આવે અને જીવનાં પુરુષાર્થથી શ્રી જ્ઞાની પુરુષોનાં યોગબળ સહિતનાં આશિર્વાદથી અને શ્રી પરમાત્માની નિષ્કામ કરૂણા દ્રષ્ટિ સ્વરૂપથી જીવનાં ૧૨ દોષોનો ક્ષય થાય અને જીવ અલ્પભવોમાં મોક્ષપ્રાપ્તીનું ફળ પ્રાપ્ત કરે.

**જીવ ધર્મ કરે ભાવથી,**
**"તો" કર્મ છુટે વિભાવથી.**

૧. માટે જીવે પ્રથમ લક્ષ આઠ દિવસ કષાય રહિતનું જીવન બનાવવું તેવો સંકલ્પ ધારવો જોઈએ. (વ્યવહાર અને વ્યાપાર ન હોવાથી સંજોગો કષાય તોડવા માટે અનુકુળ હોય છે.)

૨. ધર્મ આરાધનાં માટે તપસ્યા દેહ પ્રમાણ (દેહને અનુકુળતા પ્રમાણે) કરવી જોઈએ. આહાર વધારે ન હોવો જોઈએ કે જેથી પ્રમાદ આવે અને એટલો અલ્પ પણ ન હોવો જોઈએ કે જેથી દેહને પીડા થાય અને તેને કારણે જીવ સતત આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરે અને ધર્મભાવ અને ધર્મધ્યાન ભુલી જાય.

૩. પૂર્વમાં જે જીવો પ્રત્યે ધર્મ અર્થે કે સંસારીક અર્થે દુર્ભાવ કે દ્વેષ થયો હોય તેવા જીવો પ્રત્યે આ સાત દિવસ દરમ્યાન ધર્મ સ્થાનકમાં શાંતિ અને સ્નેહથી

**સંસારી હોય કે ત્યાગી શ્રી તીર્થંકર પરમાત્માનો સાચો સેવક એજ કે "નામ-માન અને મમત્વ મૂકીને", શ્રી મહાવીરનાં માર્ગમાં માથું મુકીને, મનને મુંડીને, માયાને મનાવીને, મોહને મુકીને, લોભને લોભાવીને, ક્રોધને કંપાવીને, ત્યાગને તપાવીને, કાયાને કરમાવીને, વિષયોને વાળીને, કષાયોને કાપીને, રાગને રડાવીને, દ્વેષને દુભાવીને, અજ્ઞાનને અવરોધીને, સત્યને સ્વિકારીને, સમ્યક સમજણથી, સમ્યક વિચાર, સમ્યક દ્રષ્ટિ, સમ્યક વાણી, સમ્યક સ્વભાવ, સમ્યક વર્તનથી જીવન જીવે તો જીવે મુક્તિ માગવી ન પડે પણ જીવ મુક્તિની અવસ્થામાં આવી જાય".**

વર્તવું કે જેનાં કારણે દ્વેષ અને દુર્ભાવ મંદ થાય અને ગુણગ્રાહી બનીને બીજા જીવોની ધર્મ આરાધનામાં સહાયતા અનુમોદના કરવી કે જેથી આત્મા ખિન્નતામાંથી બહાર આવે અને આનંદ પ્રસન્નતાં પ્રાપ્ત થાય.

૪. સાત દિવસ શ્રી સાધુ ભગવંતો ધર્મ વાંચના કરે ત્યારે અત્યંત ભક્તિભાવથી શ્રી પરમાત્માનાં જીવન ચરિત્રો અને શ્રી ગણધર પરમાત્માનાં જીવન ચરિત્રો અને જીવન બોધનું વર્ણન જાણીને જીવનમાં ઉતારવાનો પુરૂષાર્થ કરવાથી બાળજીવોનું આત્મિક બળ વધે, જ્ઞાનની વિરાધના કરતા જીવ અટકે અને બુધ્ધિ અને દ્રષ્ટિ નિર્મળતા પામે, આ છે શ્રી પરમાત્મા અને શ્રી ગણધર પરમાત્માનાં નામ સ્મરણનું ફળ. અને શ્રી સાધુ ભગવંતોની તેમની સાધનામાં સહાયતા થાય તેવા પ્રકારની નમ્રતા સહિતની ઉપકારીપણું માનીને કરેલી વૈયાવચ્ચ, દ્વેષબુધ્ધિ અને રાગ છુટવાનું નિમિત્ત કારણ બને અને તેમનો ત્યાગપૂર્ણ જીવન જોઈને ત્યાગ ભાવનાં બળવાન બને.

**ધર્મમાં સંસારભાવ વિસ્મરણીય**
**"અને"**
**સંસારમાં ધર્મભાવ સ્મરણીય**
**"માટે"**
**ધર્મમાં અને સંસારમાં**
**શ્રી તીર્થંકર ચિરસ્મરણીય**

૫. સાત દિવસમાં ધર્મ સબંધી અને આત્માસબંધી તત્વચિંતન અને મનન કરવું અને તેમાંથી જે મોક્ષમાર્ગને લગતા સવાલો ઉગે તેનાં જવાબ અને આરાધનાં કેવા પ્રકારથી કરવી કે જેનાં કારણે આત્મિક કલ્યાણ થાય તેવા સવાલો અત્યંત આદરભાવ અને નમ્રતાસહિત શ્રી સાધુ ભગવંતો પાસેથી જાણવાં અને ખાસ કરીને મોક્ષમાર્ગની શરૂઆત ક્યાંથી અને કેમ કરવી અને તેમાં ચાલીએ ત્યારે કેવા અનુભવ થાય કે જેથી શ્રધ્ધામાં અનેક ગણો વધારો થાય તેવા પ્રકારનાં સવાલો કરવા. **"એક સવાલ અનેક વખત ન સમજાય ત્યાં સુધી પુછવામાં દોષ નથી "પણ" એક જવાબમાંથી અનેક સવાલો ઊભા ન કરાય".** આવા પ્રકારથી પર્યુષણાંનાં સાત દિવસ શ્રી પરમાત્માની ભક્તિ અને ધર્મ-આત્મા અને મોક્ષ સબંધી તત્વોનું ચિંતન-મનન કરવાથી અને સમુહ ધર્મ આરાધનાનાં યોગકબળને કારણે ઘણાં અંશે બાર દોષોમાં મંદતા આવે છે. **(પુણ્ય તરફ લક્ષ અને દ્રષ્ટિ ન વાળવી, તે તો સહજતાથી બળવાન પુણ્ય બંધાય છે.)** જીવ જ્યારે પરવિચારોમાં ન હોય પણ સ્વનાં વિચારોમાં હોય ત્યારે પુણ્ય સહજતાથી બાંધે છે. (મેળવે છે.) આવા અનેક પ્રકારથી જીવ સાત દિવસ ધર્મ કરે અને કરાવે અને કરતા હોય તેનાં પ્રત્યે અહોભાવ રાખી અને જે જીવો ધર્મ ન કરતાં હોય તે જીવો પ્રત્યે કરૂણાયુક્ત આદરભાવ રાખીને પોતાનાં સાત દિવસને ધર્મમય બનાવીને વર્ષનાં શ્રેષ્ઠ દિવસ બનાવે અને આઠમાં દિવસનાં મહાપર્વની પૂર્વતૈયારી સ્વરૂપે આત્મિક આનંદમાં આવી જાય તો સંવત્સરી મહાપર્વ ભવબંધનથી છુટવાનું નિમિત્ત કારણ બની જાય.

જીવને અનંત કર્મો બાંધવાનું અને અનંત ભવ ભ્રમણ ફરવાનું મુખ્ય કારણ રાગ-દ્વેષ અને અજ્ઞાન.

**અજ્ઞાન :** સત્યની ઝુરણાંનાં ગુણે અને નિર્મળ બુધ્ધિથી અજ્ઞાન ટાળી શકે છે. (મોક્ષમાર્ગની જાણકારીવાળા જીવ પાસેથી)

**રાગ :** એ આત્માનું કર્મોરજથી મલીન અને સંસારભાવનાં કારણે, સ્વાર્થબુધ્ધિ, સુખબુધ્ધિ અને માનબુધ્ધિથી બનેલો રાગભાવ છે, તે સમયે સમયે બદલાય છે. અને તેનું રૂપાંતર અજ્ઞાન ટળે ત્યારે શ્રી પરમાત્મા અને સદ્‌ગુરૂ તરફ વળે છે અને ત્યારે તે નિર્મળ ભક્તિ પ્રેમ બને છે.

**દ્વેષ :** એક વખત દ્વેષ થવાથી જીવને દ્વેષી જીવ પ્રત્યે

**ધર્મભાવ એ જીવન મુક્તિનો સ્વભાવ**
**"અને"**
**સંસારભાવ એ જીવન મુક્તિનો વિભાવ.**
**સંસારભાવ એ ભવ ભ્રમણનો સ્વભાવ**
**"અને"**
**ધર્મભાવ એ ભવ ભ્રમણનો વિભાવ.**

સદ્‌ભાવમાંથી અભાવ થાય છે. અભાવમાંથી દુર્ભાવ થાય છે. દુર્ભાવમાંથી દ્વેષીવધ થાય છે. દ્વેષીવધમાંથી નિંદક થાય છે. નિંદકમાંથી પરપિડનનો આનંદી થાય છે. પરપિડનનાં આનંદીતમાંથી આત્મઘાતી થાય છે. આત્મઘાતીમાંથી હિંસક થાય છે. હિંસકમાંથી હિંસક સ્વભાવ બનાવે છે.

આવા દ્વેષને કાઢવા માટે શ્રી તીર્થંકર પરમાત્માએ વર્ષમાં એક દિવસ જે આપ્યો છે, તેને સંવત્સરી પર્વ કહેવાય છે અને વર્ષમાં એક દિવસ આપીને કોઈપણ પર્વની આરાધનાનું પર્વ કે બાળજીવોનું સંસારીક પર્વમાં જો કોઈ જીવ પ્રત્યે દ્વેષ થયો હોય તો તે દ્વેષ સહિત તે જ પર્વો કે સંસારીક તહેવારો બીજી વખત ઉજવતી વખતે તે દ્વેષ હિંસક સ્વરૂપ ધારણ કરે છે, માટે તે પર્વો કે તહેવારો બીજા વર્ષે આવે તેની પહેલા આ સંવત્સરીપર્વ વચ્ચે મળવાથી દ્વેષ છુટે અને જીવો સાથે સમભાવ અને સદ્‌ભાવ બીજા વર્ષનાં પર્વોમાં રહે અને વધે માટે વર્ષનું સર્વ શ્રેષ્ઠ પર્વનું આરાધન કરવું એજ જૈન ધર્મ મળ્યો તેનું સાર્થકપણું અને ભવમુક્તિનું નિમિત્ત કારણ બને. આ છે સંવત્સરી પર્વનો મહિમા અને તેનું ફળ.

આનંદ **આનંદ** **આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.